મહીસાગરના પટમાં રેતી માફિયાઓ પર ખાણ-ખનિજ વિભાગની 'સર્જિકલ સ્ટ્રાઇક'

# આણંદ પાસે મહીસાગર નદીમાં ગેરકાયદે ખનન બદલ 1.10 કરોડનો મુદ્દામાલ સીઝ

**ગંભીરા-બામણગામમાં** જેસીબી અને 4 યાંત્રિક નાવડીઓ જપ્ત કરી તંત્રએ કોરડો વીંઝયો




(પ્રતિનિધિ) આણંદ તા.8

આણંદ જિલ્લાના આંકલાવ તાલુકામાં મહીસાગર નદીના પટને ખોતરી ખાતા રેતી માફિયાઓ સામે તંત્રે લાલઆંખ કરી છે. કલેકટરના સીધા માર્ગદર્શન હેઠળ ખાણ અને ખનિજ વિભાગની ટીમે ગંભીરા અને બામણગામ પંથકમાં આકસ્મિક દરોડા પાડીને ગેરકાયદે ખનનનું મસમોટું નેટવર્ક ઝડપી પાડ્યું છે. આ કાર્યવાહી દરમિયાન તંત્રએ અંદાજે રૂપિયા 1.10 કરોડની મશીનરી સીઝ કરીને ખનીજ ચોરોમાં ફફડાટ ફેલાવી દીધો છે.

મળતી વિગતો અનુસાર, આંકલાવ તાલુકાના ગંભીરા અને બામણગામને લાગુ મહીસાગર નદીના વિસ્તારમાં લાંબા સમયથી ખનીજ ચોરી થતી હોવાની ફરિયાદો ઉઠી હતી. આ ફરિયાદોના આધારે મદદનીશ ભૂસ્તર શાસ્ત્રીની ટીમે આકસ્મિક તપાસનું આયોજન કર્યું હતું. આ તપાસ દરમિયાન સ્થળ પર જે દ્રશ્યો જોવા મળ્યા તે ચોંકાવનારા હતા. માફિયાઓએ નદીના પટમાં ગેરકાયદેસર રીતે રસ્તાઓ અને ચટ્ટાઓ બનાવી દીધા હતા અને મશીનરી દ્વારા બેફામ રીતે સાદી રેતીનું ખનન અને વહન કરવામાં આવી રહ્યું હતું.

ખાણ અને ખનિજ વિભાગની ટીમે સ્થળ પરથી ગેરકાયદે ખનનમાં વપરાતા 2 એક્સેવેટર મશીન અને 4 યાંત્રિક નાવડી જપ્ત કરવામાં આવી છે. આ તમામ મશીનરી અને સાધનો મળી કુલ રૂપિયા 1.10 કરોડનો મુદ્દામાલ તાત્કાલિક અસરથી સીઝ કરવામાં આવ્યો છે.

આ અંગે મદદનીશ ભૂસ્તર શાસ્ત્રીએ વિગતો આપતા જણાવ્યું હતું કે, પકડાયેલા મુદ્દામાલ સામે નિયમોનુસાર આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આગામી સમયમાં પણ ખનીજ ચોરી રોકવા માટે આ પ્રકારની આકસ્મિક તપાસ અને કડક કાર્યવાહી ચાલુ રહેશે તેવી ચીમકી તંત્ર દ્વારા આપવામાં આવી છે.

## સેવાલિયામાં ચૂંટણી પૂર્વે શાંતિ અને સુરક્ષા માટે પોલીસનું ફૂટ પેટ્રોલિંગ



ગળતેશ્વરના સેવાલિયામાં આગામી પંચાયત ચૂંટણીને ધ્યાને રાખી નવા PI કાંબડ અને પોલીસ સ્ટાફ દ્વારા મુખ્ય બજાર અને સંવેદનશીલ વિસ્તારોમાં સઘન ફૂટ પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું. પોલીસ કાફલાએ બસ સ્ટેન્ડ અને ધાર્મિક સ્થળોની મુલાકાત લઈ સ્થાનિકો સાથે સંવાદ સાધી શાંતિ અને કોમી એખલાસ જળવાઈ રહે તે માટે અપીલ કરી હતી. ભયમુક્ત અને નિષ્પક્ષ વાતાવરણમાં મતદાન પ્રક્રિયા સંપન્ન થાય તે માટે તંત્ર દ્વારા કડક તકેદારી રાખવામાં આવી રહી છે. કોઈપણ પ્રકારની અફવાથી દૂર રહી અસામાજિક પ્રવૃત્તિઓની જાણ તુરંત પોલીસને કરવા નાગરિકોને તાકીદ કરવામાં આવી છે. **તસવીર : સંજય શાહ**

# તારાપુરમાં ધૂમ બાઈકચાલકે રાહદારીને અડફેટે લેતા મોત

**કાનાવાડા** રોડ પર માતરના સીંજીવાડાના યુવકને બાઈકે પાછળથી ટક્કર મારી હતી

(પ્રતિનિધિ) તારાપુર તા.7

તારાપુર પોલીસ મથકની હદમાં રવિવારની રાત્રે એક કરુણ માર્ગ અકસ્માત સર્જાયો હતો, જેમાં એક 32 વર્ષીય યુવાનનું ગંભીર ઈજાઓ થવાને કારણે મોત નીપજ્યું છે. પૂરઝડપે અને ગફલતભરી રીતે બાઈક હંકારતા ચાલકે રસ્તા પર ચાલીને જઈ રહેલા રાહદારીને પાછળથી જોરદાર ટક્કર મારતા આ દુર્ઘટના ઘટી હતી.

માતર તાલુકાના સીંજીવાડા (શંકરપુરા) ગામના વતની શૈલેષભાઈ પુંજાભાઈ રાઠોડ (ઉં.વ. 32) ગત રવિવારે રાત્રે આઠેક વાગ્યાના સુમારે તારાપુર કાનાવાડા રોડ પર આવેલી ભવનાથ પાવભાજી હોટલ નજીકથી પસાર થઈ રહ્યા હતા. તે સમયે તારાપુર મોટી ચોકડી તરફથી પૂરઝડપે આવી રહેલા મોટરસાયકલ નંબર GJ-23-Q-1245 ના ચાલકે શૈલેષભાઈને પાછળથી ટક્કર મારી હતી. આ અકસ્માતમાં શૈલેષભાઈને માથાના ભાગે અને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. તેમને તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે તારાપુર સરકારી હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર માટે પેટલાદ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. આ મામલે મૃતકના ભાઈ નવઘણભાઈ રાઠોડે તારાપુર પોલીસ સ્ટેશનમાં બાઈક ચાલક સામે ફરિયાદ નોંધાવી છે.

# કપડવંજના કાવઠ ગામમાં વાવાઝોડા સાથે કરાના વરસાદથી અફડાતફડી

**પંથકમાં ચાર વીજ** પોલ ધરાશાયી થતાં રહેણાંક વિસ્તારમાં વીજ પુરવઠો ખોરવાતા હાલાકી



તસવીરઃ હરિશ જોષી

(પ્રતિનિધિ) કપડવંજ તા.8

કપડવંજ તાલુકાના કાવઠ ગામમાં ગતરોજ તીવ્ર વાવાઝોડા અને કરા સાથે પડેલા વરસાદે ભારે તારાજી સર્જી છે. રહેણાંક વિસ્તારમાં ચાર જેટલા વીજ પોલ ધરાશાયી થતાં સમગ્ર વિસ્તારમાં વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો અને સ્થાનિક રહીશોમાં ભયનો માહોલ ફેલાયો હતો.

સ્થાનિકોના જણાવ્યા અનુસાર, ગામમાં આવેલા અનેક વીજ પોલ લાંબા સમયથી જૂના અને જર્જરિત હાલતમાં હોવાથી આ દુર્ઘટના સર્જાઈ છે. વાવાઝોડા દરમિયાન વીજ પોલ પડવાની સાથે જ અનેક નાના-મોટા ઝાડ પણ ધરાશાયી થયાના અહેવાલ પ્રાપ્ત થયા છે. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ તંત્રની પ્રી-મોન્સૂન કામગીરી સામે ગંભીર સવાલો ઉભા થયા છે. આગામી ચોમાસાની ઋતુને ધ્યાનમાં રાખીને, ગ્રામજનોએ માંગ કરી છે કે તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે તમામ જોખમી વીજ પોલનું સર્વે કરવામાં આવે અને તેને બદલવાની કામગીરી હાથ ધરવામાં આવે. જો સમયસર યોગ્ય પગલાં લેવામાં નહીં આવે તો ભવિષ્યમાં મોટી જાનહાનિ કે માલહાનિ થવાની ભીતિ સ્થાનિકોએ વ્યક્ત કરી છે.

### કમોસમી વરસાદથી ખેડૂતો ચિંતિત

કપડવંજ અને સમગ્ર ખેડા જિલ્લામાં ભર ઉનાળે અચાનક પવન સાથે કમોસમી વરસાદનું આગમન થયું છે. આ વરસાદને કારણે સામાન્ય જનતાને ગરમીમાં રાહત મળી છે, પરંતુ ખેડૂતોમાં ભારે ચિંતાનું વાતાવરણ જોવા મળી રહ્યું છે. વરસાદી માહોલને લીધે કેટલાક વિસ્તારોમાં ખેતીના પાકને નુકસાન વેઠવાનો વારો આવ્યો છે, જેનાથી ધરતીપુત્રો મુશ્કેલીમાં મુકાયા છે. કુદરતના આ બદલાયેલા મિજાજ અને અણધાર્યા વરસાદી માહોલ સામે લોકો હવે લાચાર બનીને પરિસ્થિતિનો સામનો કરી રહ્યા છે.

# ખંભાતના જુગારના અડ્ડા પર દરોડો, 13 પકડાયાં

**સલાટવાડ** ટેકરા પર ચાલતા જુગારના અડ્ડા પર પેરોલ ફર્લો સ્કવોર્ડ ત્રાટક્યું

(પ્રતિનિધિ) ખંભાત તા.8

આણંદ પેરોલ ફર્લો સ્કવોડે ખંભાતના સલાટવાડ ટેકરા વિસ્તારમાં બાતમીના આધારે દરોડો પાડી ખુલ્લી જગ્યામાં ચાલતા વરલી મટકાના જુગારધામનો પર્દાફાશ કર્યો છે. આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓને ધ્યાને રાખી પોલીસ દ્વારા કરવામાં આવેલા પેટ્રોલીંગ દરમિયાન આ સફળતા મળી હતી, જેમાં મુખ્ય સંચાલક સહિત 13 જુગારીને રંગેહાથ ઝડપી લેવામાં આવ્યા છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, ખંભાત સલાટવાડ ટેકરા પર ખુલ્લી જગ્યામાં વરલી મટકાનો જુગાર રમાતો હોવાની ચોક્કસ બાતમી મળી હતી. જેના આધારે પોલીસે દરોડો પાડતા મુખ્ય સંચાલક માજીદખાન ઉર્ફે માજલો મલેક સહિત કુલ 13 શખ્સો પકડાયા હતા. પોલીસે ઘટનાસ્થળેથી 43,420 રોકડા અને 10 મોબાઈલ ફોન (કિંમત 28,100) મળી કુલ 71,520 નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પકડાયેલા તમામ આરોપીઓ ખંભાતના રહેવાસી છે અને તેમની વિરુદ્ધ ખંભાત સિટી પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

આ ઘટનામાં આશ્ચર્યજનક બાબત એ છે કે, આણંદથી પેરોલ ફર્લો સ્કોવડે દરોડો પાડી જુગારનો અડ્ડો પકડ્યો હતો. જેના કારણે સ્થાનિક પોલીસ સામે અનેક પ્રશ્નો ઉભા થયાં છે.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### ખેડાના નિલેશ પટેલને નાગપુરમાં યોજાયેલ ઓલ ઈન્ડિયા પોલીસ ડ્યુટી મીટમાં બ્રોન્ઝ મેડલ મળ્યો

**કપડવંજ |** નાગપુર ખાતે યોજાયેલ ઓલ ઈન્ડિયા પોલીસ ડ્યુટી મીટમાં ખેડા એલસીબીના કોન્સ્ટેબલ નિલેશભાઈ પટેલને શ્રેષ્ઠ કામગીરી બદલ બ્રોન્ઝ મેડલ આપી સન્માનિત કરાયા હતા. મૂળ કપડવંજના દંતાલીના વતની નિલેશભાઈએ અનેક વણઉકેલ્યા ગુનાઓ શોધી કાઢીને જિલ્લાનું નામ રોશન કર્યું છે. પુણેના અધિક પોલીસ મહાનિર્દેશક સોનિલ રામાનંદના હસ્તે મેડલ અને પ્રશંસા પત્ર અર્પણ કરી તેમની તપાસ કુશળતાની પ્રશંસા કરવામાં આવી હતી. આ પ્રસંગે વરિષ્ઠ પોલીસ અધિકારીઓની હાજરીમાં આધુનિક પોલીસિંગ અને ફોરેન્સિક એપ્લિકેશન જેવી ક્ષમતાને બિરદાવી હતી.




### કપડવંજ એસ.ટી. ડેપો ડિવિઝનમાં કર્મચારીઓનું સન્માન અને વિદાય સમારંભ યોજાયો



**કપડવંજ |** હોળીના તહેવાર પર એક્સ્ટ્રા બસ સંચાલનમાં નડિયાદ ડિવિઝનમાં સર્વોચ્ચ આવક મેળવી પ્રથમ સ્થાન પ્રાપ્ત કરવા બદલ કપડવંજ એસ.ટી. ડેપો ખાતે ભવ્ય પ્રોત્સાહન કાર્યક્રમ યોજાયો હતો. ડી.સી. મહાજનના અધ્યક્ષસ્થાને યોજાયેલા આ પ્રસંગે શ્રેષ્ઠ કામગીરી કરનાર કર્મચારીઓને શાલ અને પુષ્પગુચ્છથી સન્માનિત કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ સાથે વય મર્યાદાને કારણે નિવૃત થતા ડ્રાઈવર એસ. એસ. પટેલનો વિદાય સમારંભ પણ યોજાયો હતો, જેમાં અધિકારીઓએ કર્મચારીઓની નિષ્ઠાને બિરદાવી હતી. ડેપો મેનેજર એન. એન. કલ્યાણીના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમ યોજાયો હતો.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપનાઃ૧૮૬૩

ગતિવિધિ

આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### કપડવંજની આયંબેલ શાળામાં પાંચ દેરીઓની નવમી સાલગીરીની હર્ષોલ્લાસ સાથે ઉજવણી



**કપડવંજ |** કપડવંજમાં દલાલ વાડા સ્થિત આયંબેલ શાળામાં બિરાજમાન પાંચ દેરીઓની નવમી સાલગીરી નિમિત્તે સ્નાત્ર પૂજા, અભિષેક અને ધજા રોહણ જેવા વિવિધ ધાર્મિક કાર્યક્રમો સંપન્ન થયા હતા. આ શુભ પ્રસંગે શ્રી માણીભદ્રવીર, શ્રી નાકોડા ભૈરવદેવ, શ્રી ભોમિયાજી મહારાજ અને શ્રી સીમ્પુજી યતી મહારાજની દેરીઓ પર વિશેષ પૂજન અર્ચન કરવામાં આવ્યું હતું. સંવત 2082 ચૈત્ર વદ-6, બુધવારના રોજ યોજાયેલા આ મહોત્સવમાં કપડવંજ જૈન સંઘના ભાઈ-બહેનો મોટી સંખ્યામાં દર્શન અને પૂજનનો લાભ લેવા ઉમટી પડ્યા હતા. આ ભવ્ય ભક્તિમય ઉજવણીમાં સમગ્ર જૈન સમાજે જોડાઈને પરમાત્માની ભક્તિનો અપાર આનંદ મેળવ્યો હતો.

### કઠલાલના ઐતિહાસિક હનુમાનજી મંદિરે જન્મોત્સવ અને હિન્દુ સંમેલનની ભવ્ય ઉજવણી

**કઠલાલ |** કઠલાલના ટેકરી ફળિયા ખાતે હનુમાન જન્મોત્સવ નિમિત્તે મારુતિ યજ્ઞ અને ૨૫૦૦થી વધુ લોકોની હાજરીમાં વિરાટ હિન્દુ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મહિલા ટીમ દ્વારા પ્રસ્તુત સાહસિક તલવારબાજીના કરતબોએ ઉપસ્થિત મેદનીને મંત્રમુગ્ધ કરી નારી શક્તિનો પ્રભાવશાળી પરિચય આપ્યો હતો. 11 ભજન મંડળીઓની રમઝટ વચ્ચે 3 હજારથી વધુ ભક્તોએ મહાપ્રસાદ ગ્રહણ કર્યો અને ૧૧૦૦ કોડિયાની સમૂહ આરતીથી મંદિર પરિસર ઝળહળી ઉઠ્યું હતું. રાજકીય અગ્રણીઓ અને વહીવટી અધિકારીઓની ઉપસ્થિતિમાં આયોજન કરવામાં આવ્યું હતું.



### વીરપુરના શિક્ષક અરવિંદભાઈ પટેલને આંતરરાષ્ટ્રીય 'બેસ્ટ ટીચર એવોર્ડ' એનાયત

**વીરપુર |** જયપુરમાં આયોજિત ગ્લોબલ ડાયમંડ આઈકન એવોર્ડ-2026 સમારોહમાં મહીસાગર જિલ્લાના ડેભારી ગામના શિક્ષક અરવિંદભાઈ કે. પટેલનું સન્માન કરાયું. તેઓ છેલ્લા 33 વર્ષથી શિક્ષણ, સાહિત્ય, લેખન અને સંપાદન ક્ષેત્રે પોતાનું અમૂલ્ય અને અવિરત યોગદાન આપી રહ્યા છે. સુરેશ જ્ઞાન વિહાર યુનિવર્સિટી ખાતે ભવ્ય ફાઉન્ડેશન દ્વારા આંતરરાષ્ટ્રીય મૈત્રી સંમેલન અંતર્ગત આ પ્રતિષ્ઠિત એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. વીરપુરની સરસ્વતી હાઇસ્કૂલના આ પ્રતિભાશાળી શિક્ષકની સિદ્ધિથી સમગ્ર પંથકમાં ગૌરવની લાગણી ફેલાઈ છે.



### આણંદના પોલીસ ઇન્સ્પેક્ટર એચ.આર. બ્રહ્મભટ્ટે વૃક્ષારોપણ કરી પર્યાવરણ જતનનો સંદેશ આપ્યો



**આણંદ |** આણંદ લોકલ ક્રાઈમ બ્રાંચમાંથી અમદાવાદ ખાતે બદલી થતા પોલીસ ઇન્સ્પેક્ટર એચ.આર. બ્રહ્મભટ્ટએ વિદાય સમયે પુષ્પવર્ષાને બદલે કચેરીમાં આંબાના છોડનું રોપણ કરી નવી પરંપરાની પહેલ કરી છે. આ 'સ્મૃતિ વૃક્ષ' વર્ષો સુધી તેમની સેવાની યાદ જીવંત રાખશે અને પર્યાવરણનું જતન કરશે તેવા ઉમદા હેતુથી આ કાર્યક્રમ યોજાયો હતો. એલસીબી સ્ટાફ દ્વારા આ છોડના ઉછેર અને જતન માટેનો સંકલ્પ લેવામાં આવ્યો હતો. આ વિદાય વેળાએ સ્ટાફ દ્વારા ફૂલોથી શણગારેલી ગાડીને હાથેથી ખેંચીને ભાવસભર વિદાય આપવામાં આવી હતી.

### બોરસદના જૂના બાદલપુરની શાળાના શિક્ષકનો વિદાય સમારંભ યોજાયો

**બોરસદ |** જૂના બાદલપુરની ઉત્તરબુનિયાદી શાળાના લોકપ્રિય અંગ્રેજી શિક્ષક એન. કે. પટેલનો વયનિવૃત્તિ નિમિત્તે ખૂબ જ ભાવસભર વિદાય સમારોહ યોજાયો હતો. આ યાદગાર પ્રસંગે પટેલ સાહેબે શાળા પ્રત્યેની પોતાની લાગણી વ્યક્ત કરતા વિકાસ અર્થે રૂ. સવા લાખનું માતબર દાન આપી એક પ્રેરણારૂપ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. ટ્રસ્ટી મંડળ અને શાળા પરિવાર દ્વારા સાહેબનું શાલ ઓઢાડી સન્માન કરાયું, જેમાં મોટી સંખ્યામાં ગ્રામજનો અને વિદ્યાર્થીઓ ઉમટી પડ્યા હતા. વર્ષો સુધી શિક્ષણ અને સંસ્કારનું ભાથું પીરસનારા એન. કે. પટેલના સુખમય અને શાંતિમય નિવૃત્ત જીવન માટે સૌએ હૃદયપૂર્વક મંગલ કામના કરી હતી.



### આણંદના ચાવડાપુરામાં પ્રભુ ઈસુના પુનરુત્થાનના પર્વ 'ઈસ્ટર સન્ડે'ની ભક્તિભાવપૂર્વક ઉજવણી




**આણંદ |** આણંદના ચાવડાપુરા સ્થિત નિત્ય સહાયક માતા મરિયમ દેવાલય ખાતે પ્રભુ ઈસુ ખ્રિસ્તે મૃત્યુ પર વિજય મેળવ્યો તે પર્વની શ્રદ્ધાભેર ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ફાધર જીમ્મી ડાભી અને ફાધર જગદીશ મેકવાને ખ્રિસ્ત યજ્ઞ અર્પણ કરી ઈસુના પુનરુત્થાન અને માનવજાતની પાપમુક્તિનો મહિમા સમજાવ્યો હતો. બાઈબલની ભવિષ્યવાણી મુજબ ઈસુ મૃત્યુના ત્રીજા દિવસે પુનઃ સજીવન થતા શ્રદ્ધાળુઓએ ઉમંગપૂર્વક આ પવિત્ર દિવસને આવકાર્યો હતો. 40 દિવસના ઉપવાસની પૂર્ણાહુતિ સાથે મોટી સંખ્યામાં હાજર ધર્મજનોએ એકબીજાને ઈસ્ટરની શુભેચ્છાઓ પાઠવી પર્વની ઉજવણી કરી હતી.

### નડિયાદના વૈદ્યનો કૂવો પ્રાથમિક શાળામાં ધો.5ના બાળકોનો ભાવસભર વિદાય સમારંભ યોજાયો



**નડિયાદ |** નડિયાદના સલુણ સ્થિત વૈદ્યનો કૂવો પ્રાથમિક શાળામાં ધોરણ ૫ ના બાળકોનો વિદાય સમારંભ ઉત્સાહભેર યોજાયો હતો. આ પ્રસંગે બાળકોએ જૂની યાદો તાજી કરી હતી અને શાળાના તમામ વિદ્યાર્થીઓને સેવ-ઉસળનો નાસ્તો કરાવ્યો હતો. વિદ્યાર્થીઓ તરફથી શાળાને સ્મૃતિ ભેટ તરીકે પાણીનો જગ આપવામાં આવ્યો હતો. આચાર્ય સંજય વાઘેલાએ બાળકોને આશીર્વચન પાઠવી તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે મંગલ કામનાઓ કરી હતી.

### વિદ્યાનગરના ચિત્રકાર કનુ પટેલનું 'કૈલાસ લલિતકલા એવોર્ડ'થી સન્માન કરાયું

**આણંદ |** હનુમાન જન્મોત્સવના પાવન અવસરે મોરારી બાપુના સાનિધ્યમાં આયોજિત ભવ્ય સમારોહમાં ચિત્રકાર કનુ પટેલને પ્રતિષ્ઠિત 'કૈલાસ લલિતકલા એવોર્ડ' એનાયત કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે સીવીએમ યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ ભીખુભાઇ પટેલે કનુ પટેલની સિદ્ધિને બિરદાવી હતી, જ્યારે કલાકારે આ સન્માનને પોતાની કલા યાત્રા માટે પ્રેરણારૂપ અને આશીર્વાદ સમાન ગણાવ્યું હતું. આ સમારોહમાં શબાના આઝમી, અરવિંદ વૈદ્ય અને કૌશિકી ચક્રવર્તી જેવા દેશના દિગ્ગજ કલાકારોને પણ 'નટરાજ' અને 'હનુમંત' એવોર્ડથી નવાજવામાં આવ્યાં હતાં.



### વાસદની SVITની વિદ્યાર્થિની દિયા ભાવસારે ચેસમાં ઈન્ટરનેશનલ રેટિંગ મેળવ્યું

**આણંદ |** વડોદરામાં યોજાયેલા પ્રથમ ઈન્ટરનેશનલ ઓપન FIDE રેટેડ ચેસ ટુર્નામેન્ટમાં એસવીઆઈટી વાસદની વિદ્યાર્થીની દિયા ભાવસારે પ્રથમ પ્રયાસે જ 1588નું રેટિંગ પ્રાપ્ત કરી સંસ્થાનું ગૌરવ વધાર્યું છે. આ અગાઉ આંતર યુનિવર્સિટી સ્પર્ધાઓમાં ઉત્કૃષ્ટ દેખાવ કરનાર દિયાની આ વૈશ્વિક સિદ્ધિ બદલ સંસ્થાના અધ્યક્ષ ભાસ્કરભાઈ પટેલ, આચાર્ય ડો. ડી. પી. સોની અને સમગ્ર એસ.વી.આઈ.ટી પરિવારે તેને અભિનંદન પાઠવ્યા છે.

